ડૉ.આંબેડકર સરકારી કન્યા છાત્રાલય(અ.જા.), જુનાગઢના ટોઈલેટ બાથરૂમના રીનોવેશન, કિચન રીનોવેશન, પ્લાસ્ટર તેમજ કલર વર્ક અને ફર્નિચરકામના જેવા રિનોવેશન કામના ખર્ચ અંદાજોની વહીવટી મંજૂરી આપવા બાબત

**ગુજરાત સરકાર**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: **SJED/MIS/e-file/17/2025/2906/G**

સચિવાલય, ગાંધીનગર

તા.ઈ-સાઈન મુજબ

<u>વંચાણે લીધા:</u>

(૧) નિયામક(અનુસૂચિત જાતિ કલ્યાણ) કચેરીનો પત્ર ક્રમાંક: **DSCWG/0042/12/2025**, તા.૦૫/૧૨/૨૦૨૫

<u>આમુખ:</u>

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને અન્ય વર્ગોના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓની જેમ શિક્ષણની તક મળે અને તેઓ ઉચ્ચ અભ્યાસ કરવા પ્રેરાય તે માટે રાજ્યભરમાં સરકારી છાત્રાલયો(કુમાર અને કન્યા) ખાતે ધોરણ ૧૧ અને તેનાથી ઉપરના અભ્યાસક્રમો માટે રહેવા, ભણવા તેમજ જમવાની નિ:શુલ્ક સુવિધા આપવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના નિયામક(અનુસૂચિત જાતિ કલ્યાણ) કચેરીના તા. ૦૫/૧૨/૨૦૨૫ના પત્રથી ડૉ.આંબેડકર સરકારી કન્યા છાત્રાલય(અ.જા.), જુનાગઢ ખાતે ટોઈલેટ બાથરૂમના રીનોવેશન, કિચન રીનોવેશન, પ્લાસ્ટર તેમજ કલર વર્ક અને ફર્નિચરકામ જેવી રીનોવેશનની કામગીરી માટેના રૂ.૧,૬૫,૫૯,૨૦૦/-(એક કરોડ પાંસઠ લાખ ઓગણસાંઠ હજાર બસ્સો રુપિયા પુરા)ના ખર્ચ અંદાજોને વહીવટી મંજૂરી આપવા માટે અત્રે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, ડૉ.આંબેડકર સરકારી કન્યા છાત્રાલય(અ.જા.), જુનાગઢ ખાતે ટોઈલેટ બાથરૂમના રીનોવેશન, કિચન રીનોવેશન, પ્લાસ્ટર તેમજ કલર વર્ક અને જરૂરી ફર્નિચરકામ જેવી રીનોવેશનની કામગીરી માટેના રૂ.૧,૬૫,૫૯,૨૦૦/-(એક કરોડ પાંસઠ લાખ ઓગણસાંઠ હજાર બસ્સો રુપિયા પુરા)ના ખર્ચ અંદાજોને નીચે મુજબની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(3) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. તથા બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની

રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં – ૯૫, મુખ્ય સદર – ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ અનુસૂચિત આદિજાતિઓ અન્ય પછાતવર્ગો અને લઘુમતિઓનું કલ્યાણ અંગે મૂડી ખર્ચ, પેટા મુખ્ય સદર – ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર – ૨૭૭ શિક્ષણ, પેટા સદર – ૦૪ **SCW-32** સરકારી મકાનોના અપગ્રેડેશન અને મોર્ડનાઈઝેશનની જોગવાઈમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર નાણાવિભાગની તા.૨૧/૦૭/૨૦૨૬ની નોંધ પર મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-SD/-

(ડૉ.અનંત ગર્ગ )

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ગુજરાત સરકાર

<u>નકલ રવાના :</u>

- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(સા.ન્યા.) કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ – ૧, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.) કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- રહસ્ય સચિવશ્રી,અગ્રસચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ, ગુજરાત
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
- કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, જિ.જૂનાગઢ
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી, અ.જા.ક. મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય.
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઈટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેક્ટ ફાઈલ ૨૦૨૬